નવા રચાયેલ સાત જિલ્લાઓમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓની કામગીરી માટે જીપ વાહન ભાડે રાખવા માટે થનાર ખર્ચ રૂા.૧૩.૪૪ લાખની મંજુરી આપવાબાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ– મકમ/૧૦૨૦૧૬/૨૯૪૫/છ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ– - 8 FEB 2016

**વંચાણે લીધા :–**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ– મકમ/૧૦૨૦૧૩/૮૦૪૮૦૨/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરની તા.૧૭/૧૧/૨૦૧૫ની સિંગલ ફાઈલ સિસ્ટમની નોંધ.

**પ્રસ્તાવનાઃ–**

વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૧) પરના તા.૨૪/૬/૨૦૧૪ના ઠરાવથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓ માટે જીપ વાહન ભાડે રાખવાની માસિક ૨૦૦૦ કિલોમીટરની મર્યાદા વધારીને ૩૦૦૦ કિ.મી. કરવા બાબતે અને કિલોમીટર દીઠ રૂા.૮.૦૦ ભાવ મર્યાદામાં ભાડે રાખવા સંમતિ આપવામાં આવેલ હતી.

ઉપર વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૨) પરની નિયામકશ્રી (સ.સુ) ની સિંગલ ફાઈલ સિસ્ટમની તા.૧૭/૧૧/૨૦૧૫ની નોંધથી નવરચિત સાત જિલ્લાઓની કચેરીઓમાં જિલ્લાના અધિકારીઓને જિલ્લાની કચેરીઓની વિવિધ કામગીરી અર્થે પ્રવાસ માટે જીપ વાહન ભાડે રાખવાની રૂા.૧૩.૪૪ લાખની મંજૂરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :–

પુખ્ત વિચારણાને અંતે ઉકત સિંગલ ફાઈલ સિસ્ટમની દરખાસ્ત અન્વયે વિભાગના તા.૨૪/૬/૨૦૧૪ના ઠરાવની વિગતો મુજબ નવરચિત સાત જિલ્લાઓમાં સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને જિલ્લાની કચેરીઓની વિવિધ કામગીરી અર્થે પ્રવાસ માટે માસિક ૨૦૦૦ કિ.મી.ની મર્યાદામાં રૂા.૮.૦૦ પ્રતિ કિલોમીટરના દરે ખાનગી વાહન ભાડે રાખવા થનાર રૂા.૧૩,૪૪,૦૦૦/– ના ખર્ચને નીચેની શરતોને અધિન આથી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ—

(૧) આ અંગેનો ખર્ચ સને.૨૦૧૫—૧૬ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે. તેમજ સને.૨૦૧૬—૧૭ ના વર્ષમાં તદ્‌નુસાર જોગવાઈ કરાવવાની રહેશે. (ચાલુ બાબતે)

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તેમજ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર વાહન ભાડે મેળવવાનું રહેશે.

(૩) ભાડે રાખવામાં આવેલ વાહનનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે અને તેમ છતાં કિલોમીટરની મર્યાદા વધવા પામે તો વધારાના કિલોમીટરની ખાસ કિસ્સા તરીકેની મંજુરી વિભાગના સચિવશ્રીની મેળવવાની રહેશે.

(૪) આ રકમ ચુકવવા માટે અંદાજિત વાર્ષિક રૂા.૧૩.૪૪ લાખનો વધારાનો ખર્ચ નીચે દર્શાવ્યા મુજબ બજેટ હેડ હેઠળ ઉધારવાનો રહેશે.

| ક્રમ | બજેટ હેડ | અંદાજિત વાર્ષિક ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ૧ | માંગણી નં.૯૨ (પ્લાન)<br>૨૨૩૫ — સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૦૨ — સમાજ કલ્યાણ<br>૦૧ — નિર્દેશ અને વહીવટ<br>૦૧ —SCW ૦૦૧ સમાજ સુરક્ષા નિયામકની કચેરી પ્લાન સ્કીમ નંબર—૧૧૭૯૧૦ | ૭.૬૮<br>(માસિક—૬,૦૦૦ x૧૨x૪ = ૭.૬૭) |
| ૨ | માંગણી નં.૯૬ (પ્લાન)<br>૨૨૩૫ — સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૦૨ — સમાજ કલ્યાણ<br>૭૯૬ — આદિજાતિ પેટા યોજના<br>૧૪ —SCW ૦૦૧ સમાજ સુરક્ષા નિયામકશ્રીની કચેરી | ૫.૭૬<br>(માસિક—૬,૦૦૦x૧૨x૩ = ૫.૭૬) |
| | કુલઃ— | ૧૩.૪૪ (તેરલાખ ચુંમાલીસ હજાર પુરા |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧/૨/૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) એકાઉન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ

(૬) સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ– નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,ગાંધીનગર)

(૭) સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતેઃ– નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,ગાંધીનગર)

(૮) સેકશન અધિકારીશ્રી,છ.૧ શાખા/બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૯) સિલેકટ ફાઈલ.

RAJ13-1-3